# અંબાજી અકસ્માત બાદ વાહન વ્યવહાર કમિશનર એકશનમાં

## ત્રિશુળીયા ઘાટના ગોઝારા અકસ્માતે આરટીઓ અધિકારીનો ભોગ લીધો : આરટીઓ અધિકારી સસ્પેન્ડ

ગત શુક્રવારે સાંજે બનાસકાંઠાના દાંતાથી અંબાજી રોડ પર ત્રિશુળીયા ઘાટમાં સર્જાયેલ ગમખ્વાર અકસ્માતમાં નવ લોકોના મોત બાદ સફાળા જાગેલા વાહનવ્યવહાર વિભાગે પાલનપુર ખાતેના કાર્યકારી પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીને સસ્પેન્ડ કરી દેવાનો આકરો નિર્ણય લેતા આરટીઓ તંત્રમાં સોપો પડી ગયો છે. જોકે આરટીઓ અધિકારીની બરતરફીના આદેશે ઘણા અણિયાળા સવાલો પણ પેદા કર્યા છે અને અકસ્માતો પાછળ માત્ર એક જ વિભાગની જવાબદારી નક્કી કરવાની રાજ્ય સરકારની નીતિએ પણ લોકોને વિચારતા કરી મુક્યા છે. આ ગોઝારા પ્રાણઘાતક અકસ્માતના રાજ્યભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. અને આ ઘટના બાદ મેલી મથરાવટી ધરાવતા આરટીઓ સહિતના સરકારી વિભાગોની રેઢિયાળ નીતિ સામે જાગૃત લોકો રોષ ઠાલવી રહ્યાં છે.મામલો રાજ્યવ્યાપી ચર્ચાનો મુદ્દો બને તે પૂર્વે હરકતમાં આવેલા વાહનવ્યવહાર વિભાગે પાલનપુરના ઈન્ચાર્જ આટીઓને સસ્પેન્ડ કરી કડકાઈનો દંભ કર્યો છે પરંતુ આવી દુર્ઘટનાઓ માટે મહદઅંશે પોલીસ તંત્રની રહેમજનર જ કારણભૂત બનતી હોવા છતાં ગૃહ વિભાગની ચુપકીદી ચર્ચાની એરણે ચડી છે.



આ ગોઝારો અકસ્માત અંબાજીથી દાંતા વચ્ચે આવેલા ત્રિશુળીયા ઘાટમાં સર્જાયો છે. જોકે આટલી અમર્યાદિત સંખ્યામાં મુસાફરો ભરેલી માલવાહક જીપ ભલગામથી નીકળી દાંતા અને ત્યાર બાદ અંબાજી જઈ બેરોકટોક પણે ત્રિશુળીયા ઘાટ સુધી પરત પહોંચી ગઈ ત્યાં સુધીમાં પોલીસે પણ ગાડીને રોકવા જેટલી તસ્દી લીધી નથી એ પણ દિવા જેવું સત્ય છે. જોકે આ અકસ્માતના પગલે સર્જાયેલા ઉહાપોહ વચ્ચે કડક મહિલા અધિકારી તરીકે જાણીતા રાજ્યના વાહન વ્યવહાર કમીશ્નર સોનલ મિશ્રાએ પાલનપુર ખાતેની પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીના કાર્યકારી પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (મોટરવાહન નિરીક્ષક વર્ગ-૨) ડી.એસ. પટેલને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધા છે. સોનલ મિશ્રાએ તેમના આદેશમાં જણાવ્યું છે કે વાહન વ્યવહાર વિભાગ હાલ માર્ગ સલામતી માટે અનેકવિધ પગલાં લઈ રહ્યો છે અને રાજ્યમાં ૨૪ કલાક રાઉન્ડ ધ કલોક ચેકીંગ પોઈન્ટ ઉભા કરી વાહનોની ચકાસણી કરવા તમામ આરટીઓ અને એઆરટીઓ અધિકારીઓને યોગ્ય વ્યવસ્થા કરવા વાહન વ્યવહાર કમીશ્નરની કચેરી દ્વારા ગત સાતમી મે ના પત્રથી લેખિત જાણ પણ કરાયેલી છે. છતાં પાલનપુર ખાતેના ઈન્ચાર્જ આરટીઓ અધિકારી ડી.એસ. પટેલે તેમના કાર્યક્ષેત્રમાં આવી કોઈ વ્યવસ્થા ન ગોઠવી ફરજમાં ગંભીર પ્રકારની બેદરકારી દાખવતા આ ઘટના બની હોવાની સ્થિતિ સ્પષ્ટ થઈ ગઈ હોઈ ડી.એસ. પટેલને ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ)ના નિયમો ૧૯૭૧ના નિયમ- ૫ હેઠળ મળેલ સત્તા અન્વયે સસ્પેન્ડ કરવાનો આદેશ કરાયો છે.

રાજ્ય સરકારના વાહન વ્યવહાર વિભાગના કમિશનર સોનલબેન મિશ્રાની આવી સક્રીયતા અને કડકાઈ બેશક આવકાર્ય છે. પરંતુ વાહન વ્યવહારના નિયમન માટે પોલીસ વિભાગને પણ અમાપ સત્તાઓ અપાયેલી છે અને પોલીસની ટ્રાફિક ટીમ તો મહદઅંશે હાઈવે માર્ગો પર જ દોડતી રહી ડીઝલનો ધુમાડો કરતી રહે છે. પોલીસ સામાન્ય તૃટીઓ કે વાહનના દસ્તાવેજના હોવાના કેસમાં પણ વાહનચાલકોના ખિસ્સા ખંખેરી લેતી હોવાની ફરિયાદો નવી રહી નથી. જાહેર માર્ગો પરના કુખ્યાત સ્થળો પર ગોઠવાઈ જઈ કાયદા પાલનના નામે ઉઘરાણું કરતી રહેતી ટ્રાફિક પોલીસ તેમજ ખાખી વર્ધિની ખાનગી વાહનો પ્રત્યેની રહેમજનર અથવા તો ઢીલી નીતિ પણ આવી ગમખ્વાર દુર્ઘટનાઓ માટે એટલી જ જવાબદાર છે એવું કહેવામાં પણ કોઈ અતિશયોક્તિ નથી પરંતુ કોઈ પણ પ્રાણઘાતક અકસ્માતોની ઘટનાઓ બાદ પણ પોલીસની ચોટી જેના હાથમાં છે એવો ગૃહ વિભાગ હોઠ સીવી લે છે અને કોઈ પોલીસ અધિકારી પણ જે તે વિસ્તારના જવાબદાર પોલીસ અધિકારીઓ પર જવાબદાર બનતું નથી જ એવું રાજ્ય સરકાર માનતી



હોય તો મોટર વાહન અધિનિયમની જોગવાઈઓના પાલનના નામે તોડ પાણી કરવાની સત્તા પણ પોલીસ પાસેથી ખેંચી લેવી જોઈએ એવો ચણભણાટ પણ શરૂ થઈ ગયો છે. આ મામલો ચર્ચાની એરણે ચડે તે પૂર્વે રાજ્ય સરકાર પોતાના ત્રાજવાની પ્રામાણિકતા કરવે તે ઈચ્છનીય છે.

# પ્રાંતિજમાં પાણી ન મળતા રહીશોમાં રોષ

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે છેલ્લા ત્રણ દિવસથી છેલ્લા કેટલાય સમયથી પાણીની સમસ્યા છે અને એક પછી એક વિસ્તારમાં બનાવેલા બોર



નગરજનોને પ્રાથમિક સુવિધા એવી પ્રથમ સુવિધા પાણી ના મળતાં નગરજનોમાં પાલિકા સામે રોષ જોવા મળી રહ્યો છે. પ્રાંતિજ નગરપાલિકા આગ લાગે ત્યારે ખાડો ખોદે તેવી સ્થિતિ હાલ તો પેદા થઈ છે.

પ્રાતિજ નગરપાલિકામાં કેટલાક સમયથી ફેલ થઈ ગયા છે. પ્રાંતિજ પાલિકા નર્મદાના પાણી ઉપર જીતતી આવી છે પણ છેલ્લા ત્રણ દિવસથી નર્મદાનું પાણી પ્રાંતિજ પાલિકાને અમુક મેન્ટેનન્સ કામને લઈને બંધ કરવામાં આવતા પ્રાંતિજ નગરમાં પાણીની મોટામાં મોટી સમસ્યા ઉભી થઈ છે. છેલ્લા કેટલાય સમયથી પ્રાંતિજમાં પાણીની સમસ્યા હોવા છતાં પ્રાંતિજ પાલિકા ઘોર નિંદ્રામાં હતી અને પાણી માટે અન્ય કોઈ વિકલ્પ શોધ્યો નહતો પણ છેલ્લા ત્રણ દિવસથી પ્રાંતિજ પાલિકાને નર્મદાની લાઈનનું પાણી મળતું બંધ થતાં નગરજનો છેલ્લા ત્રણ દિવસથી પાણી માટે રજની પડ્યા છે અને પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં જેવા કે લાલદરવાજા, નાની ભાગોળ, તપોધનવાસ, સ્વામિનારાયણ સોસાયટી, હરીઓમ પાર્ક , માતૃછાયા, ગોપીનાથ, ગજાનદ સોસાયટી, બજાર ચોક સહિતના વિસ્તારોમાં રહિશો હાલ તો પાણી માટે વલખાં મારી રહ્યાં છે. પાણીની સમસ્યા હોવા છતાં પાણી સમિતિના ચેરમેન અને પ્રાંતિજ નગરપાલિકા છેલ્લા કેટલાય દિવસથી ઘાર નિદ્રામાં હતા અને અચાનક છેલ્લા ત્રણ દિવસથી નર્મદાનું પાણી બંધ થતાં નગરપાલિકાના કોર્પોરેટરો સહિત નગરપાલિકામાં લોકોની ઉંઘ હરામ થઈ ગઈ છે અને નગરજનો એક પછી એક પાલિકામાં કે કોર્પોરેટરોને ફોન ઉપર પાણી માટે માગણી કરતાં નજરે પડે છે ત્યારે હાલ તો આગ લાગે ને પાણી માટે ખાડો ખોદવા નિકળે તેવી પ્રાંતિજ પાલિકાની સ્થિતિ ઉભી થઈ છે અને પ્રાંતિજ નગરપાલિકા પ્રમુખ ગીતાબેન પટેલ અને પાણી સમિતિના ચેરમેન ગોવિદસિંહ, નગરપાલિકા ઉપપ્રમુખ નયનભાઈ, અરવિંદભાઈ પરમાર, મહેબુબભાઈ બલોચ, રાજેશભાઈ ટેકવાણી, દિપકભાઈ કડીયા, રાણાભાઈ તથા નગરપાલિકા ચીફ ઓફિસર વિશાલભાઈ પટેલ સહિતના કોર્પોરેટરોની



તાત્કાલિક મીટીંગ યોજાઈ હતી અને પાણી માટે તાત્કાલિક બોર બનાવવા સહિતનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે હાલ તો કેટલાય દિવસોથી પાણીની સમસ્યા હતી છતાં પ્રાંતિજ નગરપાલિકા સત્તાધિશો આંખઆડા કાન કરીને બેઠા હતાં પણ હાલ તો આગ લાગે ને ખાડો ખોદવા બેસે જેવી સ્થિતિ પ્રાંતિજ નગરપાલિકામાં પેદા થઈ છે જે હોય તે પણ પ્રાંતિજ નગરજનોને પ્રાથમિક સુવિધા પ્રથમ જરૂરીયાત પાણી ઝડપથી મળી રહે તેવું હાલ તો કેટલાક નગરજનો ઈચ્છી રહ્યાં છે.

# અમીરગઢના ભેદલા ગામે ઝૂંપડામાં આગ લાગતા બે બાળકોના મોત : બાળકોને બચાવા ગયેલી માતા દાઝી

પાલનપુર

અમીરગઢ તાલુકા ના ભેદલા ગામ માં ઝુંપડા માં આગ લાગતા બે બાળકો ના મોત થયા હતા જયારે માતા બાળકો ને બચાવવા જતા ગંભીર રીતે દાજી જતા ચકચાર મચી ગઈ હતી.



અમીરગઢ તાલુકાના ભેદલા ગામના એક આદિવાસી પરિવારમાં માતા રસોઈ બનાવતી હતી અને બે નાના ભૂલકાં ઓ ઘર માં કલરવ કરતા હતા જોકે રસોઈ બન્યા બાદ બાળકો ઝુંપડા માં હતા અને માતા ઘરનું કામ કરી રહી હતી દરમિયાન ચૂલા માં સળગતો દેવતા માંથી એક તણખલું અચાનક ઉડી ને ઝુંપડા ને લાગ્યું હતું અને આદિવાસી પરિવાર કંઈક સમજે તે પહેલાં તણખલા એ આગ માં પરિવર્તન કરી ઝુંપડા ને આગ ની જ્વાળા માં લપેટી લેતા ઝુંપડા માં કલરવ કરી રહેલા બન્ને બાળકો બળી ને ભડથું થઈ ગયા હતા આ ઘટના ની જાણ લોકો ને થતા લોકો ના ટોળેટોળા બનાવ સ્થળે દોડી આવ્યા હતા અને આગ ને કાબુ માં લેવા પાણી નો મારો માર્યો હતો પરંતુ ત્યાર સુધી તો બાળકો બળી ને ભડથું થઈ ગયા હતા.

ભેદલા ગામ માં રહેતા નાથા ભાઈ પીસરા ના ઝુંપડા ને આગ લાગતા એક બે વર્ષીય જ્યારે એક ૧૫ દિવસ નું બાળક બળી ગયું હતું જ્યારે માતા મુગળી બેન ને પણ બાળકો ને બચવવા જતા તેઓ ના શરીરે ગંભીર દાજી ગયા હતા. ઘટનાની જાણ અમીરગઢ તાલુકા ના વહીવટી તંત્ર ને કરવા માં આવતા તાલુકા વિકાસ અધિકારી બળવંતસિંહ રાજપૂત સ્થાનિક તલાટી તેમજ ગામ ના આગેવા નો એ બનાવ સ્થળ ની મુલાકાત લઈ કાર્યવાહી હાથ ધરી હતી.



**સરકારી શાળામાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી**

શાળાઓમાં સોમવારથી વેકેશન ખુલતાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો હતો. જ્યાં બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર ખાતે બાળકો વહેલી સવારે તૈયાર થઈ મિત્રો સાથે સ્કુલે જવા નીકળ્યા ત્યારે તેમના ચહેરા ઉપર અનેરો આનંદ જોઈ શકાતો હતો. જોકે, પ્રથમ દિવસે મોટાભાગની સરકારી સ્કુલોમાં બાળકોની પાંખી હાજરી જોવા મળી હતી.

# લાખણીના ગણતા ગામમાં સાત મહિનાની બાળકીને ડામ અપાયા, હાલત ગંભીર

ડીસા

બનાસકાંઠાના અંતરિયાળ વિસ્તારમાં બાળકોને અંધશ્રદ્ધાના ડામ આપવાની વધુ એક ઘટના સામે આવી છે.આરોગ્ય વિભાગ



દ્વારા જનજાગૃતિ કેળવવાના અનેક પ્રયાસો બાદ પણ આવી ઘટનાઓ બની રહી હોઈ તંત્ર સામે પણ સવાલો ઉઠી રહ્યા છે.

બનાસકાંઠા જિલ્લામાં નાના બાળકોને અંધશ્રદ્ધાના કારણે ડામ આપવાની ઘટનાઓ વધી રહી છે. ખાસ કરીને રાજસ્થાનને અડીને આવેલા અંતરિયાળ વિસ્તારોમાં આવી ઘટનાઓ વધુ બને છે.થોડા સમય પૂર્વે વાવ તાલુકામાં એક બાળકને ડામ અપાયા બાદ તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. છતાં આવી ઘટનાઓ અટકવાનું નામ લેતી નથી. હવે બનાસકાંઠાના લાખણી તાલુકાના ગણતા ગામમાં ૭ માસની બાળકીને ડામ આપવાની ઘટના સામે આવતા તંત્ર હરકતમાં આવ્યું છે. લાખણી તાલુકાના ગણતા ગામમાં રહેતા દલાજી ઠાકોરની સાત મહિનાની દિકરી અઠવાડિયા અગાઉ કોઈ કારણસર ચમકીને ડરી ગયા બાદ તેણીનો ડર દૂર કરવા પરિવારજનો હોસ્પિટલ જવાના બદલે આ બાળકીને ગામના જ એક ભુવા પાસે લઈ ગયા હતા.જે વખતે ભુવાએ બાળકીના પેટ પર ચાર જગ્યાએ લોખંડના ગરમ કરેલા સળીયા વડે ડામ આપતા બાળકીની હાલત બગડી ગઈ હતી. ત્રણ-ચાર દિવસ સુધી આ બાળકીની તબિયતમાં કોઈ સુધારો ના થતા છેવટે તેણીને સારવાર માટે થરાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ હતી પરંતુ આ બાળકીની હાલત વધુ નાજુક બનતા તેણીને વધુ સારવાર અર્થે ડીસાની ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ છે.ત્યારે આવી ઘટનાઓ અટકાવવા માટે લોકોએ જાગૃત બનવા સાથે આરોગ્ય તંત્રએ પણ આવી અંધશ્રદ્ધા ફેલાવતા ભૂવાઓ સામે પણ લાલ આંખ કરવાની જરૂર જણાઈ રહી છે.





પરિવારો ઘણા ધાર્મિક છે તેથી આ વિસ્તારમાં અનેક દેવ દેવીઓના મંદિરો આવેલ છે. જેના કારણે શ્રદ્ધાળુ ભાઈ-બહેનો દર્શને આવે છે જેમને આવાગમનમાં સરળતા રહે તેવા ઉમદા હેતુથી ધાર્મિક અને સામાજિક કાર્યોમાં અગ્રેસર લોધા સમાજ મિત્ર મંડળ દ્વારા મંદિરોની દિશા બતાવતા દિશા સુચક બોર્ડ જાહેર રોડ ઉપર લગાવાયા હતા જે પ્રસંગે મંડળના તમામ સભ્યો હાજર રહ્યા હતા.

# વડગામના ભલગામનાં મૃતક મુસ્લિમ પરિવારની મદદે પરમ પૂજ્ય મોરારીબાપુ

અંબાજી - દાંતા ત્રિશુળીયા ઘાટ ખાતે ગત રવિવારે વડગામ તાલુકાના ભલગામના મુસ્લિમ પરિવારનો ગોજારો અકસ્માત સર્જાયો



હતો. આ બનાવથી સમગ્ર પંથકમાં અરેરાટી મચી જવા પામી હતી. દુઃખદ ઘટનામાં સહભાગી બનવા માટે વિવિધ સંસ્થાઓ આગળ આવી છે ત્યારે કોમી એકતાના પ્રતિક રૂપ પરમ પૂજ્ય મોરારીબાપુ પણ ગરીબ પરિવારના દુખમાં ભાગીદાર બન્યા છે. પૂ. મોરારીબાપુની સૂચનાથી શ્રી ચિત્રકૂટ ધામ ટ્રસ્ટ દ્વારા મૃતકોના પરિવારજનોને હનુમાનજીની સાંત્વના રૂપે પ્રત્યેક મૃતક પરિવારને રૂ.૫૦૦૦ ની આર્થિક સહાય કરવામાં આવી છે.જે લાયન્સ ક્લબના ભૂતપૂર્વ ગવર્નર મુકેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ લાયન્સ ચેરીટેબલ ટ્રસ્ટ હોસ્પિટલના ચેરમેન પ્રકાશભાઈ અગ્રવાલના હસ્તે પ્રત્યેક મૃતકોના પરિવારજનોને રૂ.૫૦૦૦ ની રોકડ સહાય આપવામાં આવી હતી.

# ડીસા પાટણ રોડ પર ઈકો ગાડીઓનો ખડકલો : અવારનવાર ચક્કાજામ

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસામાંથી જિલ્લા મથક પાટણ અને છેક કાઠિયાવાડ ને જોડતો હાઈવે પસાર થાય છે જે રોડ ઉપર રાત દિવસ વાહનોની વધુ અવરજવર રહે છે પરંતુ હાલમાં ડીસા પાટણ હાઈવે સર્કલનો ખાનગી ઈકો ગાડીના ચાલકોએ જાણે બથામણિયો કબ્જો કરી દીધો છે જેથી રોડ ઉપર જ ગાડીઓનો ખડકલો જોવા મળે છે જેઓ રોડ ઉપર જ મુસાફરો બિન્દાસથી ભરે છે જે સર્કલ આજુબાજુ દુકાનદારો દબાણો કરી બેઠા છે ઉપરથી ઈકો ગાડીઓના ખડકલાથી પહોળો રોડ સાંકડો બની ગયો છે તેથી ચારે બાજૂથી આવતા વાહનોના કારણે રાહદારીઓને નીકળવું પણ મુશ્કેલ બની જાય છે જેના કારણે વાહનોની લાઈનો લાગી જતા ટ્રાફિક ચક્કાજામ થાય છે જેમાં વાહન ચાલકો કલાકો સુધી અટવાય છે એટલું જ નહીં, સર્કલ ઉપર ગાડીઓના ખડકલાના કારણે નાના મોટા માર્ગ અકસ્માતો પણ થાય છે તેમછતાં જવાબદાર ટ્રાફિક પોલીસ માત્ર તમાશો નિહાળે છે આ બાબતે જાગૃત નાગરિકો દ્વારા દક્ષિણ પોલીસ મથકે વારંવાર રજુઆતો કરાય છે પણ તેમની વ્યાજબી રજૂઆત હસાના હડ માળામાં ધ્યાને લેવાતી નથી તેથી ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાવાની દહેશત વર્તાય છે જેને ગમ્ભીરતાથી લઈ જિલ્લા પોલીસ વડા સત્વરે ઘટતાં પગલાં ભરે તેવો જનમત પ્રવર્તે છે.

# વડગામ હોમગાર્ડ યુનિટના કમાન્ડીગ ઓફિસર તેમજ ૯ હોમગાર્ડ જવાનો વય નિવૃત થતાં વિદાય સમારંભ યોજાયો

વડગામ, તા.૧૦

વડગામ તાલુકાના હોમગાર્ડ યુનિટમાં કમાન્ડીગ ઓફીસર તરીકે ફરજ બજાવતા ઓફીસર તેમજ ૯ હોમગાર્ડ નિવૃત થતાં તેમનો વિદાય સમારંભ યોજાયો હતો.

વડગામથી મગરવાડા જવાના એક ફાર્મ હાઉસ પર વડગામ તાલુકાના હોમગાર્ડ યુનિટમાં ફરજ બજાવતા કમાન્ડીગ ઓફીસર નટવરભાઈ પરમાર, તેમજ હોમગાર્ડ જસવંતભાઈ.કે. પરમાર, કાશીરાભાઈ શ્રીમાળી, ભીખ્ખનખાન કુરેશી, કાન્તીલાલ પરમાર, બિસ્મિલ્લા ખાન જમાદાર, રમુજી.એચ. સોલંકી, બાબુભાઈ.એસ. પરમાર, અરૂણભાઈ.સી. રાવલ, બાબુલાલ.જી. પરમાર સહીતના હોમગાર્ડ જવાનો વય નિવૃત થતાં તેમનો વિદાય સમારંભ યોજાયો હતો જેમાં વડગામ સરપંચ ભગવાન સિંહ સોલંકી તેમજ



હોમગાર્ડ ઓફીસર જે.બી. રાઠોડ, એન.ટી. સાણોદરીયા (જુનીયર ક્લાર્ક) વડગામ પંચાયતના સદસ્ય અને કોગ્રેસ અગ્રણી ભગવાનસિહ ગુલાબસિહ સોલંકી સહીત મોટી સંખ્યામાં હોમ ગાર્ડ જવાનો હાજર રહીને વય નિવૃત થનાર કર્મીઓને ફુલહાર પહેરાવી શાલ ઓઢાડીને માનભેર વિદાય અપાઈ હતી. વડગામ તાલુકા હોમગાર્ડ યુનિટ દ્વારા વડગામના સરપંચ ભગવાનસિહ સોલંકીનું પણ શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું તેમજ વડગામ તાલુકા હોમગાર્ડ યુનિટના કમાન્ડીગ ઓફીસર તરીકેનો ચાર્જ જે.બી. રાવલને આપવામાં આવ્યો હતો.